# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૩ • તા.૧૭ ઓગસ્ટ થી ૨૩ ઓગસ્ટ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા જિનાલય શુધ્ધિકરણ અભિયાન પૂર્ણ થયો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# બાળક અને વડીલ વચ્ચે સેતુ છે યુવા ધન

માનવજીવનની ત્રણ અવસ્થા છે. બાળપણ, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. બાળપણએ માનવ જીવનનો ચડાવ છે. યુવાવસ્થા શિખર છે અને પાકટ વય માનવજીવનનો ઉતાર છે. બાળક દિન બ દિન ક્રમશ આગળ વધતો વધતો વિકાસ કરે છે. જ્ઞાન, સમજણ અને શિક્ષણ તથા આજુબાજુના માહોલનો નિરીક્ષણ કરી પોતાની બુદ્ધિ સતેજ કરે છે, વિકસાવે છે. તો યુવાવસ્થા સાહસ અને જ્ઞાન, સમજણ અને વિજ્ઞાનના ઉપયોગથી પોતાનો જીવન સુદ્રઢ કરે છે. યુવાન માટે છલાંગ લગાવી ખાઈ ઓળંગવી એને માટે વિકટ નથી તે આંધળું સાહસ કરનાર છે. ખતરાને હાથમાં લઈને આગળ વધનાર જણ છે. કોઈપણ રીતે આંખ સમક્ષ દેખાતું, તેણે ધારેલું લક્ષ્ય પ્રાપ્ત થાય એ જ એનું ધ્યેય હોય છે. યુવાવસ્થા પ્રાપ્ત કરવાની, મેળવવાની અવસ્થા છે. જેટલું હાથે ચડ્યું એટલું જમા કરી લેવું એવી અવસ્થા છે.

જ્યારે વૃદ્ધાવસ્થા અનુભવ, જ્ઞાન અને સમજણ જેટ જેટલું મળ્યું તેને વાગોળવાની અવસ્થા છે. પોતાની પાસે પડેલ, સંચય થયેલું એ બીજાને આપી સમૃદ્ધ કરવું. પોતાને પ્રાપ્ત થયલે અઢળક વિચાર, સમજણએ યોગ્ય વ્યક્તિને આપી જવું એ જ એનું કર્તવ્ય થઈ અનુગામી પેઢીને આપી સમૃદ્ધ કરી જવું એ જ કર્તવ્ય તેનું હોય છે.

જૂની પેઢી જેને ઓલ્ડ જનરેશન કહીએ, જ્યારે વિકસતી પેઢી એટલે કે ન્યૂ જનરેશન બંન્ને વચ્ચે સારપ અને સમજણ રહે એવી સેતુની ભૂમિકા યુવા તૈયાર કરી શકે છે. અને કરવી જ જોઈએ. આ તેની ફરજ છે. વડીલો પોતાની માન્યતામાં અડગ હોય છે. પોતાને મળેલ અનુભવને આધારે જે નાનેરાઓને સલાહ સૂચન કરતા હોય છે. એ ન્યૂ જનરેશનને ગળે ઉતરતા નથી. આમ આ વિચારભેદ બન્ને પેઢી વચ્ચે ખાઈ સર્જે છે. ભેદ પાડે છે. જે લાંબો સમય જતાં અલગતા સર્જે છે. અંટસ સર્જે છે. જે સંબંધ માટે નુકસાન કારક છે. આ વિસ્તરતી જતી ખાઈ સમાજ માટે અને સંબંધ માટે પણ હાનિકારક છે. આવી અવસ્થા યુવા પેઢીની સક્રિયતાથી અટકી શકે છે.

નવા વિચારોની મજબૂતી જૂની પેઢીને સમજાવી, જૂની પેઢીના વિચારો, અનુભવો નવી પેઢીના થનગનતા યુવાનોને જણાવી તે જે રાહ પકડે છે. તેમાં શું નુકશાની છે ખતરા છે, અગવડ છે, તેનાથી તેમને જ્ઞાત કરાવી આંધળિયા સાહસ કરતાં રોકવા, એ પ્રત્યે સજાગ કરવા જોઈએ. વડીલ પેઢીને સન્માન પૂર્વક નવા વિચારોથી અવગત કરી, વડીલોનું જ્ઞાન અને નવી પેઢીના વિજ્ઞાન સાથે વિચારોના સમન્વય દ્વારા સમજણ સેતુ રચે એ યુવાધનની ફરજ છે. બંન્ને પેઢી વચ્ચે બેલેન્સ કરી માન સ્વમાન સાથે બંન્ને પેઢી સંકલન સાધી કાર્ય કરે તો અવશ્ય સિદ્ધિઓ મળે. આ માટેનો પાયો સમાજનો યુવાધન થઈ શકે છે. કોઈ પણ ભવ્ય ઈમારતને ઊભી કરતાં પહેલાં તેનો પાયો મજબૂત રીતે જમીન અંદર ધરબવું પડે છે. શિખર સૌ કોઈ સ્પષ્ટ રીતે જોઈ શકે છે. પણ પાયાને કોઈ યાદ કરતું નથી. માટે સમાજનું શિખર ગગનગામી બને એ માટે નો પાયો યુવાધનએ બનવું જોઈએ.

- જય જ્ઞાતિમૈયા

# ઉતાર ચઢાવ ભરી જીવનની સફર

જીવનએ તો ઉતાર ચઢાવની અવિરત સફર છે. આજનો માનવી નિષ્ફળ પરિસ્થિતિમાં એટલો હતાશ થઈ જાય છે કે ફરી પ્રયાસ કરવાનું પણ છોડી દે છે. ખરેખર તો આપણું જીવન એ આપણી ક્ષમતા અને સ્થિતિ સ્થાપકતા અને તેમાંથી પસાર થવાની આપણી ક્ષમતા અને સકારાત્મક વલણ સાથે ના તમામ ઉતાર ચઢાવ વિશે જ છે. હાર માનીને બેસી જવા કરતાં જો આપણે નિષ્ફળતામાંથી શીખીને ફરી પ્રયત્ન કરીશું તો નિશ્ચિત રૂપે સફળતા મળશે જ.

આ જગતમાં કશું જ કાયમી નથી. જે રીતે કુદરત પોતાના બધા જ તત્વોને સતત પ્રવાહમાં રાખે છે, એ રીતે જ આ જીવન પણ હમેંશા ઉતાર ચઢાવ સાથે અવિરત વહેતું રહે છે. દરેક ઘટના પોતાની સાથે એક નિર્ધારીત સમય લઈને આવે છે. આ વાત પ્રકૃતિ આપણને ખૂબ સારી રીતે શીખવે છે. સતત પ્રકૃતિ સાથે જોડાયેલા હોવા છતાં આપણે તેની ગહનતા નથી સમજી શકતા. પરમાત્મા દ્વારા રચાયેલી દરેક સુંદર રચના પાસેથી જીવન જીવવાની અદ્‌ભૂત પ્રેરણા આપણે ભાગ્યે જ લેતાં હોઈએ છીએ.

કહેવાય છે કે ધાર્યું ન થતાં માનવી અણધાર્યું કરી બેસે છે. પરિણામે પસ્તાય છે અને છેવટે એવું વિચારે છે કે જે તે સમયે લીધેલા નિર્ણય વખતે કદાચ કોઈનું માર્ગદર્શન મળ્યું હોત તો, સલાહ, શીખામણ પ્રાપ્ત હોત તો આવી વિપરીત પરિસ્થિતિ ઘટી ન હોત. પરંતુ એ સમજવું જરુરી છે કે ડૂબવાને આરે આવેલી સ્થિતિમાં આપણે સહારો આપનાર હાથ કેટલી વાર મળશે. ક્યારેકને ક્યારેક તો તરતાં શીખવું પડશે જ ને તો સારું એ છે કે વારંવાર કોઈનો સહારો-આશરો, આધાર મળે તેને આધારે રહેશું. આપણે આપણા માર્ગદર્શક-પથદર્શક બની જઈએ એ આપણા માટે સારું છે.

સમજદારી દાખવી સ્વ પ્રેરણા દ્વારા માત્ર માનસિક અને સાંવેગિક રીતે આત્મનિર્ભર બની સૂર ન પૂરાવી શકીએ તો એ પરાધીનતા કહેવાય. આવી પર નિર્ભરતા એ નકારાત્મકતા બાબત છે. પરંતુ જ્યારે વાત સ્વબળે કાર્ય કરવાની આવે ત્યારે તો સ્વનિર્ભરતા જ વહારે આવશે. જીવનમાં ડગલે ને પગલે આવતી સમસ્યાઓનો ઉકેલ આપણને જ કરવો પડશે.

વહેલી સવારે ક્ષિતિજમાંથી ઊગતાં સૂર્યનું અજવાળા રૂપી સ્મિત હોય કે પછી સંધ્યા સમયે એ જ ક્ષિતિજમાં સરકી રહેલા સૂર્યના અવનવા અદ્‌ભૂત રંગો હોય. આ બન્ને ઘટના આપણને શીખ આપે છે કે જીવન રૂપી મુસાફરીમાં સૂર્યોદય રૂપી સફળતા અને સૂર્યાસ્ત રૂપી નિષ્ફળતા પોતાના નિર્ધારીત સમય પર જ આવે છે, આવતા જ રહે છે. સજાગ, સતર્ક અને તત્પર આપણને રહેવું પડશે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st July - 31st December 2024**

STAMP FRANKING
Now Available

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

***8.49%**
(p.a.)

- TRADE LOAN
- MORTGAGE LOAN
- HOUSE REPAIR
- MACHINESE LOAN
- COMFORT (CONSUMER DURABLE)
- PRE OWNED CAR LOAN
- COMMERCIAL (CRE)LOAN
- LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank

# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા જિનાલય શુધ્ધિકરણ અભિયાન પૂર્ણ થયો







કચ્છના અબડાસા તાલુકાના કેડીઓ બાહુલ્ય વસતીના ગામોના જિનાલયોના શુધ્ધિકરણ કરવાનું બીડું શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સાથે શ્રી કે.ડી.ઓ.નવયુગ યુથ ફોરમ અમદાવાદના તરવરીયા, કાર્ય સંનિષ્ઠ યુવાનો દ્વારા આરીખાણા, પરજાઉ, જશાપર તથા લાલા ગામના જિનાલયના શુધ્ધિકરણ કરવાનું કાર્ય હાથમાં લીધું. આ સર્વે સંપૂર્ણ જિનાલયની સાફ સફાઈ સાથે સાથે પરમાત્માની પ્રતિમાજીને વિધિ વિધાન મુજબ શુધ્ધિકરણ કરવામાં આવેલ.

શુધ્ધિકરણ બાદ પરમાત્માની પ્રતિમાઓમાં એક અલગ રૂપ અને તેજનો નિખાર જોઈ સર્વે યુવાનો એ હર્ષ સાથે ઉલ્લાસની લાગણી અનુભવી. જશાપર જિનાલયમાં રાત્રી ભક્તિ કરી સર્વે યુવાનો ધર્મમાં લીન થઈ ગયેલ.

દશાઈ જા દેરા શુધ્ધિકરણ જેમાં કચ્છ અબડાસાના શતાબ્દી, સવાશતાબ્દી, સાર્ધ શતાબ્દી વર્ષ વટાવી ચૂકેલા પ્રાચીન ભવ્ય દેવવિમાન તુલ્ય જિનાલયનો તથા જિનપ્રતિમાઓની શુધ્ધિકરણનો અભિયાન તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય દેવ શ્રીમદ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચતુર્થ સ્વર્ગારોહણ તિથિના અવસરે શુભારંભ કરી જે એક વડીલોના સંસ્કારોના દર્શન કરાવવા સાથે જે જિનભક્તિ કરી જિનાલય શુધ્ધિકરણથી આત્મશુધ્ધિકરણના ભાવોથી ભાવિત બની. જિનાલય શુધ્ધિકરણના સુંદર અભિયાન દ્વારા ધર્મ જાગૃતિ લાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

જિનાલય-જિનપ્રતિમાજીના અપૂર્વ સેવાભાવ, તીર્થસુરક્ષાભાવ, શુદ્ધભક્તિભાવને, લાવવા, ટકાવવા, વધારવા.

# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા જિનાલય શુધ્ધિકરણ અભિયાન પૂર્ણ

















# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા જિનાલય શુધ્ધિકરણ અભિયાન પૂર્ણ





પ્રભુભણી, પ્રભુસમીપ જવા, પ્રભુને ભીતરમાં લાવવા માટેનું શ્રેષ્ઠ અનુષ્ઠાન, જિનાલય શુદ્ધિકરણના અભિયાનમાં જે યુવાનો જોડાયા તેથી જ્ઞાતિમાં એક ધર્મ ઉત્કર્ષનો સવિશેષ પ્રાદૂર્ભાવ જોવા મળ્યો છે.

શ્રી જિનાલય શુધ્ધિકરણ મંડળમાં અમદાવાદ જ્ઞાતિ મહાજન શ્રીના કારોબારી સભ્યો રાજેશ ખીમચંદ ધરમશી મંત્રીશ્રી કેતન નરેન્દ્ર લોડાયા સહમંત્રીશ્રી પ્રશાંત મહેન્દ્રભાઈ ખોના કારોબારી સભ્યશ્રી અને શ્રી કે.ડી.ઓ.નવયુગ યુથ ફોરમ અમદાવાદના સચિન તિલકચંદ લોડાયા ટીમ લીડર, બ્રિજેશ લક્ષ્મીચંદ ધુલ્લા ટીમ લીડર, ઉપરાંત ગોરાંગ ગુલાબભાઈ મૈશેરી, દીપેશ જયચંદભાઈ શિયાલ, આનંદ નયનભાઈ નાગડા, પાર્થ સંદીપભાઈ મોતા, ધ્રુવ હરેશભાઈ છેડા, ધવલ નવીનભાઈ મૈશેરી, પારસ લહેરચંદ સાયલા, લિકેશ સંજયભાઈ મૈશેરી તથા ભૌમિક ગુલાબભાઈ મૈશેરીએ તીર્થ શુધ્ધિથી આત્મશુધ્ધિ તરફનો એક પ્રયાસ સફળપણે કર્યો હતો.













# શ્રી રાયચંદભાઈ મોતાને શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજ દ્વારા 'ગુર્જરરત્ન પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા



વર્ષ ૧૯૭૪ થી શ્રી સેલમ ગુજરાતી સમાજ સાથે સંકળાઈ વર્ષ ૧૯૭૭માં સમાજના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે સમાજની કમિટિમાં પદાર્પણ કરી સતત ૧૯૯૦ સુધી કમિટી મેમ્બર તરીકે સંલગ્ન રહ્યાં. ત્યારબાદ ૧૯૯૬ થી ૨૦૦૨ સુધી શ્રી સેલમ ગુજરાતી સમાજના માનદ્‌મંત્રી તરીકે અવિરત સમાજ સેવા કરી. ૧૯૯૫માં સમાજનું નવું નામ સંસ્કરણ થયું ત્યારથી સમાજના નૂતન ભવન નિર્માણ કાર્ય નિમિત્તે ભંડોળ એકઠો કરવામાં શ્રી રાયચંદભાઈ મોતા એ મુખ્ય ભૂમિકા નિભાવી.

૧૯૯૮માં શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજના રજત જયંતિ વર્ષમાં મદુરાઈ ખાતે તેની કમિટીમાં જોડાયા અને આજ પર્યંત સંનિષ્ઠ સેવા આપી રહ્યાં છે. તેઓએ શ્રી સેલમ ગુજરાતી સમાજના ટ્રસ્ટી તરીકે અને બે વર્ષના સમયગાળા માટે પ્રમુખ તરીકે સંતોષજનક રીતે સમાજ સેવા કરી.

હાલમાં તેઓ શ્રી સેલમ ગુજરાતી સમાજના ટ્રસ્ટી પદે, શ્રી જલારામ મંદિરના માનદ્‌મંત્રી તરીકે, શ્રી આદિશ્વર જૈન સંઘના કમિટી મેમ્બર અને સલાહકાર તરીકે અને શ્રી જૈન હોસ્પિટલ સંચાલન મંડળમાં ૨ વર્ષ ઉપપ્રમુખ તરીકે તથા બે વર્ષ કમિટી મેમ્બર તરીકે કાર્યરત છે.

સમાજ ભવનના નિર્માણ કાર્ય માટે શ્રી બાબુભાઈ, શ્રી પ્રવીણભાઈ તથા શ્રી નરેશભાઈ સાથે ખભે ખભા મિલાવી સેલમ ગામની બહારથી પણ ફાળો એકઠો કર્યો. શ્રી સેલમ સેગો માર્કેટ પાસેથી પણ ફાળો મેળવવામાં જહેમત કરી. વર્ષ ૨૦૦૧માં ગુજરાત કચ્છમાં આવેલ મહાપ્રલયકારી ભૂકંપની દુર્ઘટના વખતે ગુજરાતી સમાજના માનદમંત્રી તરીકે અથાગ જહેમત કરી અંદાજે રૂા.૧૭ લાખ જેટલા રકમની રાહત સામગ્રી અને અંદાજે રૂા.૬ લાખ રોકડ મદદ સમાજ તરફથી ફૂલની પાંખડી રૂપે ભુજ ખાતે કોવઈ નગર માટે પહોંચાડી. છેલ્લા ૪૬ વર્ષથી તેઓ અવિરત સમાજ સેવા પ્રદાન કરી માનવ સેવાનું ઉત્તમ કાર્ય આગળ વધારી રહ્યાં છે.

તા.૧૮ ઓગસ્ટ રવિવારના સેલમ ખાતે શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજની વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે તેઓની સાડા ચાર દાયકા દીર્ઘ સેવા પ્રદાનની કદર કરતાં શ્રી રાયચંદભાઈ મોતાને 'ગુર્જર રત્ન પુરસ્કાર'થી નવાજેશ કર્યા હતા અને તેમના દ્વારા કરાતા દરેક સેવા કાર્યો સફળતાપૂર્વક પાર પડે એ માટેની અભિલાષા વ્યક્ત કરાઈ શુભેચ્છા અપાઈ હતી.

આ સન્માન ગૌરવ મેળવવા બદલ શ્રી સમસ્ત મહાજન તરફથી હાર્દિક અભિનંદન અને નિરામય આરોગ્યની શુભકામના વ્યક્ત કરીએ છીએ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ચાલીસગામ સંઘમાં તપસ્વીઓની સાંજી સહ બહુમાન કરાયું

શ્રી ક.દ.ઓ.જૈન દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ ખાતે ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં શ્રી સ્વર્ગ કરંડક તપની પૂર્ણાહૂતિ થઈ તથા તપસ્વીઓની સાંજી સહ તેમનું બહુમાન કરવામાં આવેલ. બહુમાનના લાભાર્થી માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા કોઠારા ચાલીસગામની સંઘ તરફથી અનુમોદના વ્યક્ત કરાઈ હતી.













## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરની વાર્ષિક સભા આયોજન

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરની વાર્ષિક જનરલ સભા (AGM) ગુરૂવાર તા.૧૫ ઓગસ્ટના સવારે ૧૦.૩૦ વાગે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધ લક્ષી હૉલમાં રાખવામાં આવેલ. સર્વ પ્રથમ નવકાર મહામંત્ર ના પઠન બાદ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને અનુમોદન કરવામાં આવેલ. શ્રી છ.ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું ઓડિટેડ આય-વ્યયનું વાંચન અને અનુમોદન, શ્રી છ.ક.દ.ઓ.જૈન યુવા મંડળ અને શ્રી કુંથુનાથ મહિલા મંડળનું વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું આય વ્યયનું વાચન બાદ ઓડિટર શ્રી એન.ડી.અગ્રવાલને પુનઃ નિયુક્ત કરવામાં આવેલ ત્યારબાદ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા આગામી શ્રી પર્યુષણ મહાપર્વ-૨૦૨૪ની મહત્વપૂર્ણ જાણકારી આપેલ. અન્ય વિષય અને શ્રધ્ધાંજલી બાદ સહ સચિવ શ્રી હિતેશ શરદ મોમયા દ્વારા આભાર પ્રદર્શન બાદ સ્વલ્પાહાર બાદ સર્વે છૂટા પડેલ.

---

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સાવન મહોત્સવનું આયોજન



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધ લક્ષી હૉલમાં ગુરૂવાર તા.૧૫ ઓગસ્ટના બપોરે ૩ વાગેથી જ્ઞાતિની મહિલાઓ અને યુવતીઓ માટે 'સાવન મહોત્સવ'નું આયોજન કરવામાં આવેલ. સર્વપ્રથમ રાયપુરના પ્રસિધ્ધ સ્ત્રીરોગ વિશેષજ્ઞ (વરિષ્ઠ ગાયકોલોજીસ્ટ) ડૉ.શ્રીમતી કમલા વર્માજીનું અત્યંત મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક ઉદ્‌બોધન રાખવામાં આવેલ એમના ઓજસ્વીપૂર્ણ ઉદ્‌બોધન અને સ્ત્રીઓ, યુવતીઓને લગતી બીમારીઓનું બચાવ બાબત મહત્વપૂર્ણ જાણકારી મળેલ ત્યાં હાજર રહેલ બધા એ ધ્યાનપૂર્વક સાંભળેલ અને એમની કરતલ ધ્વનિથી ખૂબ ખૂબ અનુમોદના કરેલ. ત્યારબાદ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાના હસ્તે ડૉ. કમલા વર્માજીનું શાલ, શ્રીફળ, દુપ્પટાથી સમ્માન કરવામાં આવેલ. ત્યારબાદ મહિલાઓ અને યુવતીઓ માટે વિભિન્ન પ્રકારની હરિફાઈ, બેસ્ટ ડ્રેસઅપમાં પ્રથમ વિજેતા સૌ.રશ્મિ સુમિત મોમાયા અને દ્વિતીય વિજેતા સૌ. હેતલ ગીત શાહ હતા. ત્યારબાદ હાઉજી ગેમ રાખેલ. અંતમાં હાઈ-ટીનો આનંદ લઈ સર્વે છુટા પડેલ.

આ સંપૂર્ણ કાર્યક્રમમાં સૌ. દીપા નયન છેડા અને સૌ. સુનયના અમિત મૈશેરી એ સારી જહેમત ઉઠાવી તે બદલ એમનું આભાર માનવામાં આવેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ 'સ્વતંત્રતા દિવસ'ના શુભ અવસરે તા.૧૫ ઓગસ્ટના સવારે ૧૦ વાગે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત પ્રાંગણમાં મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. રાષ્ટ્રગાન 'જન ગણ મન' બાદ સર્વેને ૭૮ના સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવેલ. વડીલો, મહિલાઓ, બાળક બાલિકાઓ બહોળી સંખ્યામાં હાજરી આવેલ ત્યારબાદ સ્વલ્પાહાર રાખવામાં આવેલ. સ્વલ્પાહારના લાભાર્થી માતુશ્રી મલ્યાબાઈ ઝવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા.

---

## પ.પૂ.શ્રી ભલારા દાદા દેવાલય સુથરી ટ્રસ્ટની મિટીંગમાં નવા ટ્રસ્ટીઓની વરણી કરાઈ

સુથરી શ્રી ભલારા દાદા દેવાલય નાકા બહારના સ્થાને તાજેતરમાં ટ્રસ્ટીઓની એક મીટીંગ ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ લોડાયાના પ્રમુખ સ્થાને બોલાવવામાં આવેલ હતી. જેમાં જૂના ટ્રસ્ટીઓમાંથી શ્રી નવીનભાઈ લોડાયા, બાંડીયા-નાસીક તેમજ શ્રી કિંતિભાઈ લોડાયા, સુથરી-મુલુંડનું અરીહંત શરણ થવાથી બે જગ્યા ખાલી પડતાં એ જગ્યા ઉપરે નવા પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવેલ જે નવા ટ્રસ્ટીઓ હાજર રહેતાં એમને આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીશોરભાઈ સાંયાએ અગાઉની મીનીટનું વાંચન કરી આગળની કાર્યવાહી શરૂ કરી જયારે યુવા વર્ગ ટ્રસ્ટીમાં આવેલ હતા. કામની તેમજ ટ્રસ્ટબોર્ડમાં હોદ્દાની પણ નિમણુંક કરવા રજૂઆત થયેલ જેમાં પ્રમુખ તરીકે જયેશભાઈ હીરાચંદ લાલકાનું નામ આવતાં એને બહાલી આપવામાં આવી, મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કીશોરભાઈ સાંયા કાર્યરત હતા એમને જ એ ઉપરે ચાલુ રહેવા સર્વે ટ્રસ્ટીઓ એ બહાલી આપતાં એ પદ ત્યારબાદ બાગ બગીચા, લાઈટીંગ વગેરેના કામો માટે ટ્રસ્ટી શ્રી પ્રબોધભાઈ ધરમશીંનું નામ આવતાં એને તથા ખજાનચી પદે જીનેશ અનીલભાઈ છેડાનું નામ આવતાં બન્ને નામોને બહાલી આપવામાં આવેલ.

ત્યારબાદ દેવાલયના વિકાસ માટે તેમજ આગામી ધ્વજા મહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને ધ્વજા મહોત્સવ ધામધુમપૂર્વક ઉજવણી કરવી અને વધારે ભાવિકો મહોત્સવમાં ભાગ લે તેવું આયોજન ગોઠવવું એવું નકકી કરવામાં આવ્યું. સર્વે સાધારણ માસિક યોજનામાં સંવત ૨૦૮૧ માટે ચાર નામો આવેલ છે બાકી રહેતાં ૮ નામો માટે તથા વાર્ષિક યોજના સંવત ૨૦૮૧ના પણ નવ નામોમાંથી ત્રણ નામ આવેલ હોઈ બાકીના છ નામો માટે પણ ભાવિકોને વિનંતી કરી નામો લેવા એવું નકકી થયેલ.

બપોરના ભોજન લઈ સૌનો આભાર માની મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

# શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન બેંગ્લોર દ્વારા ૭૮મા સ્વાતંત્ર્યતા દિવસની ઉજવણી કરાઈ

તા.૧૫ ઓગસ્ટ ગુરૂવારના રાષ્ટ્રના ૭૮મા સ્વાતંત્ર્યતા દિવસની સમગ્ર દેશભરમાં ભવ્ય ઉત્સાહ, ઉલ્લાસ અને દેશભક્તિ દાઝ સાથે સર્વત્ર થઈ. શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન બેંગ્લોરના ઉપક્રમે જેપી નગર બેંગ્લોર સ્થિત માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છ ભવનમાં જ્ઞાતિ ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી અને સલામી આપી હતી. પ્રમુખ સતીશ શાહ, ઉપપ્રમુખ કીર્તિ ધરમશી, સેક્રેટરી મિતેશ લોડાયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જય હિંદ, વંદે માતરમ અને ભારત માતા કી જય ના નારા ગજાવ્યા હતા.







---

To,
**Kdo Gnatijans**

Shri samast mahajan is Kdo gnyatis apex body is looking for commited basic IT volunteers for our community project.

1 to 2 hour per week is the tile commitment, Come on join us for making our community stronger better, your services will be appreciated they say service to community is as good as service to god.

Please send a message in 2 lines about you and your interest **@7506070851**

**Nishith A. Dand**
**(Secretary General)**
**Shri Samast KDO jain Mahajan**

---

**વ્હાલા**
**જ્ઞાતિજનો,**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની સર્વોચ્ચ સંસ્થા શ્રી સમસ્ત મહાજન આપણા સમુદાયના પ્રોજેક્ટ માટે પ્રતિબદ્ધ મૂળભૂત IT સ્વયંસેવકોની શોધમાં છે., અઠવાડિયે ૧ થી ૨ કલાક ટાઈમની પ્રતિબદ્ધતા છે.

આવો આપણા સમુદાયને વધુ મજબૂત બનાવવા અમારી સાથે જોડાઓ, તમારી સેવાઓની પ્રશંસા કરવામાં આવશે, જેઓ જોશે તેઓ કહેશે કે સમુદાયની સેવા એ ભગવાનની સેવા જેટલી સારી છે.

કૃપા કરીને તમારા અને તમારી રૂચિ વિશે ૨ લીટીઓમાં સંદેશ આપેલ **વોટ્સએપ નંબર 7506070851** ઉપર મોકલશોજી.

**શ્રી નિશિથ એ. દંડ**
**(સેક્રેટરી જનરલ)**
**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ મુહૂર્ત |


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરુભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

**• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712**

**સૌજન્ય : શ્રી નિલેશ માણેકજી મોતા (રાપરગઢવારી-કચ્છ)**

# પેરિસની ભૂમિ પર ઈન્ડિયાની સાંસ્કૃતિક વિરાસતનું પ્રદર્શન કરતાં ઈન્ડિયા હાઉસમાં વીણા નાગડાની મહેંદી આર્ટનો દબદબો જોવા મળ્યો






તા.૨૬ જુલાઈ શુક્રવાર સાંજે ૩૩મા ઓલિમ્પિક ગેમ્સની ધમાકેદાર શરૂઆતે ફ્રાન્સની રાજધાની પેરિસની ૧૪ હજાર વર્ષ જૂની સેન નદીને કાંઠે, ૯૦ બોટ પર ફ્લોટિંગ પરેડ સાથે ૨૦૦ થી વધુ દેશોના ૬૮૦૦ થી વધુ એથ્લીટસ ભાગ લીધો હતો. ૧૬ દિવસનો આ રમોત્સવના મહાકુંભની યજમાની ફ્રાંસ એ ત્રીજીવાર કરી હતી. ભારત દેશનું પ્રતિનિધિત્વ કરતાં કુલ્લ ૧૧૭ રમતવીરો ઓલિમ્પિકનો હિસ્સો બન્યા હતા.

પેરિસ ઓલિમ્પિકમાં પ્રથમવાર નીતા અંબાણીના નેતૃત્વમાં રિલાયન્સ ફાઉન્ડેશન એ વૈશ્વિક સ્તરે ઈન્ડિયાની સાંસ્કૃતિક ઓળખ થઈ શકે એ માટે મોટા ફલક ઉપર ઈન્ડિયા હાઉસ તૈયાર કર્યું હતું. જેમાં ભારતની કળા, કારીગરી, વિવિધ તરેહની વાનગીઓ અને આર્ટની સ્પેશ્યાલિટી રજૂ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ ભારતીય મેડલિસ્ટોની તસવીરોનું પ્રદર્શન, યોગ, મલખંભના આસનો, ટ્રેડિશનલ અને બોલીવુડના ડાન્સ પર્ફોમન્સની રોજેરોજ પ્રસ્તુતિ થતી હતી. પેરિસના પાર્ક ડીલા વિલેટમાં બનાવવામાં આવેલા ઈન્ડિયા હાઉસ એક રીતે ઓલિમ્પિક ગેમમાં ભારતની સતત ૧૦૦મા વર્ષે ઉપસ્થિતિની ઉજવણી કરી હતી. આ વિશિષ્ટ પહેલ ઓલિમ્પિક ગેમ્સના ઈતિહાસમાં પણ આ પહેલી વખતે બન્યું હતું કે કોઈ દેશ પોતાના ખેલાડી અને દર્શકો અને ભારતપ્રેમી વિદેશીઓને મનપસંદ ક્ષણો માણવા મળે એવું કેન્દ્ર તૈયાર કર્યું.



ઈન્ડિયા હાઉસમાં શુકનવંત, રમણીય અને મનમોહક, મહેંદી આર્ટનો પરિચય સૌને પ્રાપ્ત થાય એ માટે રિલાયન્સ ફાઉન્ડેશને જાણીતા મહેંદી આર્ટિસ્ટ, બોલીવુડ મહેંદી ક્વિન કે.ડી.ઓ.જ્ઞાતિના ગૌરવ એવા ૬૨ વર્ષીય વીણા નાગડા અને તેમની ટીમને વિશેષ આમંત્રિત કર્યા હતા. દરેક શુભ પ્રસંગોમાં મહેંદી લગાવી એ શુકન ગણાય છે. વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક યોજવા માટે ભારત પોતાની દાવેદારી આગળ કરી રહ્યું છે. એ પ્રયત્નોને બળ આપવા માટે વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિની ધરોહર ઉજાગર કરવાનો ઈન્ડિયા હાઉસના પ્રયાસ સરાહનીય બની રહ્યો .

મહેંદી ક્વિન વીણા નાગડા પોતાના ૧૭ દિવસના અહીંના અનુભવને પોતાની જિંદગીના સુવર્ણ દિવસો હોવાનું કહે છે. ઓલિમ્પિકમાં મહેંદી મૂકવાનું આવશે એ સપનામાં વિચાર્યું ન હતું. પણ નીતા અંબાણીના કારણે આ શક્ય બન્યું. જૂજ ભણતર હોવા છતાં પણ મહેંદી આર્ટની મહારતને લીધે ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં આર્ટનો પર્ફોર્મ કરવા મળ્યો એ

# પેરિસની ભૂમિ પર ઈન્ડિયાની સાંસ્કૃતિક વિરાસતનું પ્રદર્શન કરતાં ઈન્ડિયા હાઉસમાં વીણા નાગડાની મહેંદી આર્ટનો દબદબો જોવા મળ્યો



તકદીરનો ખેલ છે. ૪૨ વર્ષની આ કળા કારકિર્દીમાં સતત ૧૭ દિવસ લાગલગાટ સવારના ૧૧ થી રાતે ૧૦ દરમ્યાન ૧૦૦ થી વધુને મહેંદી લગાવતા રહેવું એ અનોખો અનુભવ મળ્યો છે. તે છતાંય ક્યારે થકાન અનુભવી નથી. દેશ વિદેશના લોકો બે-બે કલાક લાઈનમાં ઊભા રહી ઉત્સાહપૂર્વક મહેંદી મૂકાવવા આતુરતા બતાવતા હતા. તેમની વાતો કરવી તેમની વાતો સાંભળીને મજા પડતી હતી. સામે મહેંદી મૂકાવનાર કોઈ પણ દેશનો હોય તે પોતાની ભાષામાં વાત કરે તેનું ભાષાંતર કરી અમને કહેવા દુભાષિયાની વ્યવસ્થા પણ અહીં રખાઈ હતી. મોટી સેલેબ્રિટીના લગ્નોમાં નવવધૂને મહેંદી ત્રણથી ચાર કલાકમાં મૂકાય. જ્યારે અહીં તો દિવસના બાર બાર કલાક સતત મહેંદી મૂકતા જવાનું એક અવિસ્મરણીય અનુભવ હતો. આમ આ રેકોર્ડ બ્રેક કામગીરી કરી મેં મારો જ રેકોર્ડ બ્રેક કર્યો છે એમ કહું તો ખોટું નથી.

મહેંદી મૂકાવા માટેના કૂપન મેળવવા રીતસર પડાપડી થતી હતી અને વિવિધ વિદેશના લોકો મહેંદી મૂકાવાનો અનુભવ લેવા હોડ લગાવતા હતા અને એફિલ ટાવર, ઓલિમ્પિક રીંગ, એલિફન્ટ, રોઝ, લોટસ, પેરોટ, પીકોક વિગેરેની ડિઝાઈન કરવા કહેતા હતા. ઈન્ડિયા હાઉસમાં ઈન્ડિયન એથ્લીટસ, ચંદ્રક વિજેતા ખેલાડીઓ ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના સેક્રેટરી જય અમિત શાહ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના પ્રેસિડન્ટ પી.ટી.ઉષા, રિલાયન્સ ફાઉન્ડેશનના નીતા અંબાણી સૌ એ વીણા નાગડા સાથે અંગત મુલાકાત કરી. તેમની કળા અને સમર્પિત ભાવની પ્રશંસા કરી હતી. આ અનુભવ વીણા નાગડા માટે અવિસ્મરણીય થઈ રહ્યો એવું કહેતા તેઓ ગૌરવ સાથે કહે છે.

આમ વિદેશી ધરતી પર પોતાની આર્ટનું પ્રદર્શન કરી સૌની પ્રશંસા અર્જીત કરી છે જે કેડીઓ જ્ઞાતિ માટે પણ ગૌરવ રૂપ છે.

# મુમુક્ષુ કુ. જીનલબેન લોડાયાને દીક્ષા મુર્હૂત મળ્યું ૧૧ ડિસેમ્બરનું







ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના ચરણ કમલમાં સ્વ જીવન સમર્પિત કરનાર મુમુક્ષુ કુમારી જીનલબેન રવિન્દ્રભાઈ લોડાયા નલિયા-ચોપડા મહારાષ્ટ્રને પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે અનંતનાથ દાદાના દરબારે સોમવાર, તા.૧૨ જુલાઈના રોજે દીક્ષા સ્થળ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ચાલીસગામમાં દીક્ષા આપવાનું મુર્હૂત મૌન એકાદશી માર્ગશીર્ષ સુદ ૧૧ બુધવાર, તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૪નું અપાયેલ.

# સોમચંદ વેલજીભાઈ લોડાયા મુલુંડ પોસ્ટ ઓફિસના બુઝુર્ગ ગ્રાહકો માટે તારણહાર બન્યાં




મુલુંડ પશ્ચિમમાં જે.એન.રોડ પર આવેલી પોસ્ટ ઓફિસમાં હાલે બે પોસ્ટ ઓફિસના કામનું ભારણ છે. નેતાજી સુભાષ રોડ ધનામા ભવનની પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ રિડેવલોપમેન્ટમાં જતાં અહીંની ટપાલ કચેરી નહેરૂ રોડની પોસ્ટ ઓફિસમાં સમાવાઈ છે. જેને લીધે અહીં ગ્રાહકોની ભીડ મોટા પ્રમાણમાં રહે છે. પોસ્ટ ઓફિસનું મેઈન એન્ટ્રન્સ માટે પાંચ-છ પગથિયા ચઢવા પડે છે. વયસ્ક મહિલાઓ અને વડીલોને આ પગથિયા પહાડ ચઢવા જેવા થતાં હતાં. આજુબાજુની સાઈડમાં સપોર્ટ માટે રેલિંગ ન હોવાથી કોઈ હાથ કે સાથ આપે એ માટે ઓશિયાળું થવું પડતું હતું.

આ સમસ્યા હોવાની અને આ માટે કંઈક સુવિધા વહેલી તકે થાય એનો ગણગણાટ લોકોમાં થતો હતો. જેની જાણ મૂળ આરીખાણા હાલે મુલુંડ પૂર્વ નિવાસી સોમચંદ વેલજીભાઈ લોડાયાને થતા આ માટે સુવિધા ઊભી કરવા મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી. આ સુવિધા નવી તૈયાર કરવા માટે જરૂરી પરમીશન, તેનું માળખું નવું બનાવવું એની જવાબદારી મુલુંડના લોકસેવક લાલજી સર એ જહેમતપૂર્વક પાર પાડી.

તા.૧૨ ઓગસ્ટ સોમવારના સોમચંદભાઈ લોડાયાના અનુદાનથી પગથીયાની બંન્ને છેડે સ્ટીલ પાઈપની મજબૂત રેલિંગ બેસાડી અપાઈ. જેનું મુલુંડ પોસ્ટ માસ્ટર મેડમએ શ્રીફળ વધેરી આ સુવિધાનું લોકાપર્ણ કર્યું અને વરિષ્ઠજન લોકોની સમસ્યા આ સુવિધાથી દૂર થઈ હોવાનું જણાવી સોમચંદભાઈ લોડાયા તથા લાલજી સરનો આભાર માન્યો હતો. તેમજ વોટર કૂલરની વ્યવસ્થા અત્રે કરાય એ માટે અપેક્ષા વ્યક્ત કરી હતી.

# મોટી ખાવડી સંઘના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની ૧૧૯મી વર્ષગાંઠ ઉજવાઈ









હાલાર પ્રાંતના મોટી ખાવડી સંઘના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની ૧૧૯મી વર્ષગાંઠ વિધિકાર ભરત બુરીચા ગામ વાંઢ અને કોડાયના હિતેન્દ્ર સંગોઈના સથવારે વિધિ ધર્મ આરાધનાઓ કરીને ઉજવાઈ.



# તિરૂપુર સંઘમાં વામા દેવીના રસથાળનો કાર્યક્રમ પ્રસન્નતાથી સંપન્ન થયો




તા.૧૧ ઓગસ્ટ રવિવારના રોજે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘમા ચાતુમાર્સાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ. શ્રીહર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં વામા દેવી કે લાલ કા અનુઠા રસથાળનો કાર્યક્રમ અતિ સુંદર ભાવ સાથે ઉજવામાં આવ્યો.

આ વિશિષ્ટ ધર્મ આરાધના આયોજનમાં ૩૦૦ જણ એ શ્રધ્ધા ભાવ સાથે ભાગ લીધેલ. ૪૫ વામા માતાના થાળ બહેનો એ તૈયાર કરીને લાવેલ હતા. બેંગોલરથી ખાસ પધારેલ સંગીત ટીમએ ભક્તિ રસની રંગત રમઝટ મચાવી હતી. સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખેલ હતો.


થાળ શણગારેલ બહેનોને સંઘ તરફથી પ્રત્યેકને રૂા.૨૦૦ અને હંસરાજ વેરશી નાગડા તરફથી પ્રત્યેકને ૧૦૦ રૂપિયાની પ્રભાવના આપવામાં આવેલ. શ્રી સંઘમાં વીસ વિરહમાન જીન તપની આરાધના સારી રીતે ચાલુ છે.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મધુરીબાઈ લોડાયા**
**તા.૧૨ ઓગસ્ટ (ઉ.૮૮)**
**મોટી સિંધોડી-મુલુંડ**



**લક્ષ્મીચંદભાઈ મૈશેરી**
**તા.૧૪ ઓગસ્ટ (ઉ.૮૭)**
**જખૌ-દેવલાલી**



**દીપાબેન ખોના**
**તા.૧૫ ઓગસ્ટ (ઉ.૪૮)**
**મોટી ખાવડી-ડોંબિવલી**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના રણમાં આવેલા કચ્છના ઘુડખર અભયારણ્ય જે કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, મોરબીની સરહદીને સ્પર્શે છે. વિશ્વમાં એકમાત્ર અહીં જ જોવા મળતા ઘુડખરની વસ્તી ગણતરી શરૂ કરાઈ. જેમાં ઉપરોક્ત જિલ્લાના જુદા જુદા રણકાંઠાના ગામોમાં વન વિભાગ દ્વારા આધુનિક પધ્ધતિથી ૧૭ હજાર ચોરસ કિલોમીટરના વિસ્તારને ૪૬ ડ્રોન અને કેમેરા ટ્રેપના ઉપયોગથી આવરી લેવાશે. આ સાથે ઘુડખર સિવાય ઓછી છ અન્ય મહત્વપૂર્ણ પ્રજાતિઓની હાજરી નોંધાઈ હોવાનું જોવાયું છે.

● સલ્તનત ઓફ ઓમાનમાં રહેતા ભારતીય સમુદાયના ઐતિહાસિક દસ્તાવેજોનું ડિજિટલાઈઝેશન કરવા માટેનો મહત્વનો પ્રોજેક્ટ મસ્કત સ્થિત ભારતીય દુતાવાસ અને નેશનલ આર્કાઈઝ ઓફ ઈન્ડિયા દ્વારા સંયુક્તપણે પાર પાડવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ જૂના ભારતીય વેપારી પરિવારોના ખાનગી સંગ્રહમાંથી અંગ્રેજી, અરેબિક, ગુજરાતી અને હિન્દી ભાષાના ૭ હજારથી વધુ દસ્તાવેજોનું સ્કેનિંગ કરી તેનું ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું હતું. સૌથી જૂનો દસ્તાવેજ ૧૮૩૭નો જ્યારે બાકીના ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીની શરૂઆતના છે. ઓમાનમાં લગભગ સાત લાખ ભારતીયો વસે છે.

● ઘાટકોપર ખાતે કચ્છી ભાનુશાલી સમાજ દ્વારા રૂા.૨૦૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ભાનુશાલી મહાજનવાડીનું લોકાપર્ણ કચ્છી સંત પૂ.હરિદાસજી મહારાજ દ્વારા થયું હતું. આ પ્રસંગે આવનારા ચાર વર્ષમાં મુંબઈમાં વસતા ભાનુશાલી જ્ઞાતિના ઘરવિહોણા પરિવારો માટે નહીં નફો નહીં નુકસાનના ધોરણે ૪00 ફ્લેટનું નિર્માણ વાડીના મુખ્ય દાતા પરિવાર દેવજી દેયાત જેરામ નંદા પરિવાર દ્વારા કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. ભાનુશાલી સેવા સમાજ સંચાલિત આ નવી મહાજનવાડી મુંબઈનું નંબર વન લગ્ન સ્થળ બનશે એવી નેમ વ્યક્ત કરાઈ હતી.

● ભુજ તાલુકાનું ફોટડી ગામ ૭00 જણની વસ્તી ધરાવતું ખોબા જેવું ગામ છે પણ કુણબી, રબારી, કોલી, મેઘવાળ જેવા તમામ સમાજવાડીઓ, દેવસ્થાનો, ગૌશાળા, શાળા, બગીચો બધું જ એક બિન નિવાસી યુવાને કાં તો નવા બનાવી આપ્યાં છે કાં તો મરમત કરી સોંપી આપી કરોડોનો ખર્ચ કર્યો છે. પ્રેમજી જેઠા ગામી અને પત્ની મેઘબાઈ મા પહેરેલે લુગડે માદરે વતનને અલવિદા કરી આફ્રિકા પહોંચ્યા. પણ કમાઈ કરવાની સાથે પોતાના વતનને ભૂલ્યાં નહીં. ભૂજની લેવા હોસ્પિટલ તેમના નામે છે. વડીલોની પાછળ સંતાન હસુભાઈ મોટા દિલવાળાની શાખ પૂરતા છુટે હાથે દાનની સરવાણી વહેડાવે છે.

● નખત્રાણા તાલુકાના વિથોણ ગામના શાંતિલાલ નાયાણીએ પાંચ એકરમાં વાવેતર કરેલો બાજરીનો પાક પક્ષીઓને માટે ચણવા ખુલ્લો મૂકતા તેમની આ સેવાભાવનાને લોકો બિરદાવી હતી. કવિ કલાપી જેવો પક્ષી પ્રેમ ધરાવતા શાંતિલાલભાઈએ ખેતરમાં લહેરાતો આંખ ઠારતો પાક સામે ચાલીને પક્ષીઓને પેટ ભરવા આપ્યો છે. જીવદયા પ્રેમી શાંતિલાલભાઈએ જણાવ્યું હતું કે જ્યારે ચકલી કે બીજા પક્ષીઓ બાજરીનો પાક ચણવા આવે ત્યારે પાણી વાળવાનું ચાલુ હોય તો બંધ કરી નાખે, મોબાઈલનો પ્રયોગ ટાળે અને શાંત જીવે પક્ષીઓને ચણતા નિહાળી પ્રસન્નતા અનુભવે તેમના ભાગીદારે પણ આ અબોલ પક્ષીઓની સેવાથી પ્રભાવિત થઈ મહેનતાણુ લેવાનો ઈન્કાર કરી સેવામાં સહભાગી થયાં છે. જ્યાં સુધી આમાં દાણા હશે ત્યાં સુધી પાક ઊભો રહેશે. પક્ષીઓ ભરપેટ જમી લે અને ત્યારબાદ જે ચારો થશે તે ગાયોને નીરણમાં અપાશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA